| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |



**તા.૧૧/૦૨/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૪૦૮ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૨૧૭/૨૦૨૫**

**મણીનગરઃ** મણીનગર ઢોર બજાર બળીયાકાકા મંદીર સામે વિશ્વકુંજ કોલોની આનલ એસોસીયેટ ખાતે રહેતી મહીલાએ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મહીલાના મોબાઈલ ફોનમાં ટેલિગ્રામ ચેનલ ઉપરથી મેસેજ આવેલ જેમાં ટાસ્ક રીલેટેડ હોય અને ચેનલ ઉપર એક લીંક મોકલતા જેમાં એમેઝોનનુ પેજ ખોલતા તેમાં કોઈપણ પ્રોડકટને કાર્ટમાં એડ કરવાનું જણાવેલ અને તેમાં રૂપિયા ૧૫૦/– મહીલાના ફોન–પે એપ્લીકેશમાં જમા કરેલ. ત્યારબાદ મહીલાને ટાસ્કનું કામ આપેલ જે ટાસ્ક કરી આપતા ટાસ્કના તેમજ કરેલ કામ પેટે નફો આપી વિશ્વાસમાં લઈ બીજા અલગ–અલગ ટાસ્ક પેટે અલગ–અલગ ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/– ભરાવડાવી ટાસ્કના નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૧૮/૨૦૨૫**

**નારોલઃ** પારૂલબહેન વા/ઓ જયેશભાઇ ગાંધી (ઉ.વ.૬૨) (રહે. સમ્રાટનગર મુક્ત જીવન વિદ્યાલય સામે ઈસનપુર ચાર રસ્તા પાસે નારોલ) તા.૦૯/૦૨/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નારોલ પારસનગરથી સ્મૃતિ મંદિર તરફ જતા ખોડીયાર ધામ મંદિર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ પારૂલબહેન ગાંધીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૧,૪૩૧/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પારૂલબહેન ગાંધીએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૨૧૯/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ અંબિકાનગર પાછળ મહાશકતિ સોસાયટીની બાજુમાં નુતન શારદાનગર સોસાયટી ખાતે રહેતા રામબલી ઉર્ફે ગોલુ અજમેરસીંગ તોમર નાઓની દોઢ વર્ષની પુત્રી તા.૦૬/૦૨/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા–રમતા ગરમ પાણી ભરેલ તપેલાને અડી જતા ગરમ પાણી તેના ઉપર પડતા દાજી ગઈ હતી. સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૨/૨૦૨૫ કલાક ૧૦/૪૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** વીશ્વ સ/ઓ હીતેશભાઈ પટેલ (ઉ.વ.૨૪) (રહે. સીલ્વર પર્લ ફ્લેટ આકાશ પરીસરની બાજુમાં ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**બોડકદેવઃ** થલતેજ ગામ નાનો બારોટ વાસ રાધાકુષ્ણ મંદીર સામે રહેતા બિપીનભાઇ પ્રજાપતી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી.પી.એ.પટેલ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** બાબુભાઈ આલજીભાઈ નાગર (ઉ.વ.૫૫) (રહે. જવાહરનગર ઈન્દીરાનગર અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૦/૦૨/૨૦૨૫ કલાક ૮/૧૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ફ્લેટના ત્રીજા માળના ધાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી